જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦   ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૪/૨૦૧૭ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૭૮૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૩૦૮ લીટર દેશી દારૂ, ૧૧૮ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૭૮૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીડીની ફરીયાદઃ-   સમાચાર યાદી નં.૭૮૬/૧૭

**નારણપુરાઃ** સુનભાઇ સારાભાઇ શાહ (ઉ.વ.૫૫) (રહે.શુભલાભ બંગ્લો સત્ક ફ્લેટ સામે બોડકદેવ વસ્ત્રાપુર) એ તા.૧૪/૪/૧૭ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૨/૧૬ કલાક ૯/૫૦ વાગ્યાના સુમારે અજાણી વ્યક્તિએ ધંધાની સંબંધીત વૈભવલક્ષ્મી એકસસ્પોર્ટ પ્રા.લી. કંપનીને લગતો ભળતો ફ્રોડ ઇ-મેલ આઇ.ડી. બનાવી સુનભાઈને મોકલી વાસ કોર્પોરેશન બેનીફિસીયરી એકાઉન્ટ નં-602930110000042 બેંન્ક ઓફ ઇન્ડીયા ચોખલા બ્રાન્ચ દિલ્લીના ખાતામાં રૂપિયા ૬,૦૦,૦૦૦/- ભરાવડાવી સુનભાઈ શાહ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એ.મકવાણા ચલાવે છે.

**મેઘાણીનગરઃ** પ્રકાશભાઇ શંકરભાઇ પટણી (રહે.પટણી સંજોગનગર સોસાયટી રામેશ્વર મેઘાણીનગર) એ તા.૧૪/૪/૧૭ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે એપ્રીલ-૨૦૧૬ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ભુપતભાઇ ભરવાડ (રહે.પંચવટી પાર્ક સીતારામ ચોક પાસે કૃષ્ણનગર) અને (૨) સંજયભાઇ પ્રકાશભાઈ પાસેથી ટ્રક નંબર જીજે ૦૧ સીવાય ૬૪૪૧ અને જીજે ૦૨ ઝેડ ૨૬૫૧ વેચાણ લઈ જઈ બાકીના રૂપિયા ૧૧,૭૩,૦૩૧/- નહી ચુકવી છેતરપીડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.પી.પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વસ્ત્રાપુરઃ** કનુભાઇ રામભાઇ પટેલ (ઉ.વ.૬૫) (રહે. હસુભાઇ બંગ્લોઝ, સેટેલાઇટ રોડ,જોધપુર) એ તા.૧૪/૪/૧૭ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ડિસેમ્બર ૨૦૧૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) વિશ્વેશ્વરી ઇંટરનેશનલ કંપનીના માલિક નિશાંત મુકેશભાઇ શાહ (રહે. ઓફીસ હોસ્પિટલ રોડ રાજારામ કોમ્પલેક્ષ ભુજ) (૨) કાયલા કંસ્ટલટંટ ડાયરેક્ટર તેજસ કિરણકુમાર ત્રિવેદી (રહે. ઓફીસ ગણેશ મેરીડીયન કારગીલ પેટ્રોલપંપ સામે સોલા અમદાવાદ) અને (૩) હાર્દિક મોતીલાલ શેઠ (રહે. ગાંધીધામ કચ્છ) એ ભેગા મળી કાયલા કંસ્ટલટંટ કંપનીના ઓર્થોરાઇઝ ન હોવા છતાં કંપનીના નામથી કનુભાઈ પટેલની ઇમેજ માઇંસ પ્રોડક્સ પ્રા.લી નામની કંપનીમાંથી કોલસો કિમત રૂપિયા ૧૨,૦૯,૧૮,૦૩૧/- ખરીદી કરી રૂપિયા ૬,૨૩,૫૨,૦૧૪/- ચુકવી બાકીના રૂપિયા ૫,૮૫,૬૬,૦૧૭/- નહી ચુકવી કનુભાઈ પટેલ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.પી.ધારસંડીયા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૮૭/૧૭**

**રામોલઃ** સરવેશ સ/ઓ લહોરી રાય (રહે. ઉમીયાનગર તક્ષશીલા સ્કુલની પાછળ મહેશ્ર્વરી રોડ રામોલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૪/૧૭ રાતના ૧૦/૩૦ થી તા૧૪/૪/૧૭ સવારના ૬/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩,૮૯,૮૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.આઈ.સોલંકી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૭૮૮/૧૭**

**સોલા હાઈકોર્ટઃ** સાંકેતકુમાર ગજેંદ્રપ્રસાદ ચૌરસિયા (રહે. અર્જુન એપાર્ટમેન્ટ ભાઇકાકાનગર થલતેજ) **એ** સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૪/૧૭ કલાક ૬/૦૦ થી ૭/૦૦ **વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાંથી** ડેલ કંપનીના લેપટોપ નંગ-૨, કિમત રૂપિયા ૪૫,૦૦૦/-, સેમસંગ એસ-૫ મોબાઈલ ફોન નંગ-૨ કિમત રૂપિયા ૨૦,૦૦૦/- અને જી.પી.એસ માઉસ કિમત રૂપિયા ૩,૫૦૦/- મળી કુલ રૂપિયા ૬૮,૫૦૦/- મતા **અજાણી વ્યક્તિ** ચોરી કરી લઇ ગઈ **છે. આ ગુનાની તપાસ** પો.સ.ઇ.શ્રી જે.આર.ભાચકન **ચલાવે છે.**

**સોનાનુ મંગળસુત્ર ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૭૮૯/૧૭**

**પાલડીઃ** કુસુમબેન મહેન્દ્રકુમાર સુમરા (ઉ.વ.૫૪) (રહે.ઑલગા ફ્લેટ ગાયત્રી મંદીરની પાસે રશ્દી એપાર્ટમેન્ટની સામે જુના વાડજ) તા.૧૪/૪/૧૭ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પાલડી મહાલક્ષ્મી મંદીરની બાજુમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ કુસુમબહેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ કુસુમબહેન સુમરાએ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.સિન્ધી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૭૯૦/૧૭</u>

**શહેરકોટડાઃ** આશિષ ઉર્ફે પપ્પુ જંગબહાદુરસિંગ તોમર (ઉ.વ.૩૩) (રહે.નારણભાઇની ચાલી અશોકમીલની બાજુમાં નરોડા રોડ) એ કોઇ કારણસર તા.૧૩/૪/૧૭ સાંજના ૭/૪૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે લોખંડના હુકમાં નાયલોન દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિલીપ એકનાથ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)